3)8-

ક્રમાંકઃસશપ/૧૪૯૬/૫૨૩/(૨૦૦૪)/અ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,
સચિવાલય, ગાંધીનગર
તારીખ :– – 9 AUG 2004

પ્રતિ,

સર્વે કલેકટરશ્રીઓ

વિષયઃ–**માંડલ પંચની ભલામણો**
ભારત સરકારે ગુજરાત રાજય માટે નકકી કરેલ સામાન્ય યાદીમાં દર્શાવેલ સામાજીક શૈક્ષણિક પછાત વર્ગને જાતિ પ્રમાણપત્ર આપવા માટે રાજયના અધિકારીઓને અધિકૃત કરવા બાબત.....

શ્રીમાન,

ઉપર્યુક્ત વિષય અંગેના કલેકટરશ્રી ખેડાના તા.૬/૪/૨૦૦૪ ના પત્ર ક્રમાંકઃ એમ.એસસી/વશી/૯૨૩–૯૫૨/૦૪ થી ભારત સરકારની નોકરીઓ માટે અનામતના લાભો મેળવવા માટે અન્ય પછાત વર્ગના લોકોને આપવામાં આવતાં પ્રમાણપત્રો જો રાજય કે કેન્દ્ર સરકારના રાજય પત્રિત અધિકારીઓ ધ્વારા આપવામાં આવેલ હોય તો તે જિલ્લા મેજીસ્ટ્રેટ ધ્વારા કાઉન્ટર સાઈન કરાવવાની જે જોગવાઈ છે તે રદ કરવા રજૂઆત કરવામાં આવી હતી.

આ અંગે જણાવવાનું કે આ વિભાગના તા.૧૭/૨/૯૭ ના પરિપત્ર ક્રમાંકઃ સશપ/૧૪૯૩/આઈ.૬(૯૭)–અ, થી ભારત સરકારના તા.૧/૧/૯૭ ના પત્ર ક્રમાંકઃ ૩૬૦૩૩(૨૮/૯૪/ઈએસટી (રેસ) થી નકકી થયેલ નવા નમૂના (નકલ સામેલ છે) પ્રમાણે અન્ય પછાતવર્ગો અંગેના પ્રમાણપત્રો આપવા સર્વે કલેકટરશ્રીઓ, સર્વે પ્રાંત અધિકારીશ્રીઓ, સર્વે મામલતદારશ્રીઓને જણાવવામાં આવ્યું હતું,

ભારત સરકારના તા.૧/૧/૯૭ ના ઉકત પત્રમાં જણાવેલ છે કે રાજય કે કેન્દ્ર સરકારના રાજય પત્રિત અધિકારીઓને અન્ય પછાત વર્ગ અંગેનું પ્રમાણપત્ર આપવા માટે અધિકૃત કરવામાં આવેલ નથી આથી આવા અધિકારીઓ ધ્વારા અપાયેલ જાતિ પ્રમાણપત્રો કલેકટર ધ્વારા કાઉન્ટર સાઈન કરવાની બાબતનો અન્ય પછાત વર્ગ અંગેના પ્રમાણપત્રના નમૂનાની નીચે Foot note (બી) માં સમાવેશ કરવામાં આવેલ નથી.

આથી હવે અન્ય પછાતવર્ગ અંગેના પ્રમાણપત્રના નવા નમૂના નીચેFoot note માં(બી)–૧માં જણાવેલ અધિકૃત સત્તાધિકારીઓ સિવાયના કોઈ પણ અધિકારીએ આપેલ પ્રમાણપત્ર માન્ય ગણાતુ ના હોય કેન્દ્ર કે રાજય સરકારના રાજયપત્રિત અધિકારી ધ્વારા અપાયેલ અન્ય પછાતવર્ગ અંગેનું પ્રમાણપત્ર કલેકટરશ્રી ધ્વારા કાઉન્ટર સાઈન કરવાનું રહેતું નથી.

આ બાબત આપના તાબા હેઠળના સર્વે સબંધિત અધિકારીઓના ધ્યાનપર લાવવા વિનંતી છે.

આપની વિશ્વાસું

(એસ.આર.ભૂરીયા)
ઉપસચિવ
સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ,

નકલ જાણ તથા જરુરી કાર્યવાહી સારું રવાનાઃ–

(૧) નાયબ સચિવશ્રી, મહેસુલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
(૨) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ ખાતું, ગાંધીનગર
સબંધિત સર્વેને જરુરી સૂચના આપવાની વિનંતી સાથે.